આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૮૨ | ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૪, શનિવાર; ભાદરવા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મહારાષ્ટ્ર-હરિયાણામાં ૧૫મીએ મતદાન

## ચુંટણી કાર્યક્રમની જાહેરાત થતાં સસ્પેન્સનો અંત આવ્યો : ૨૦મી સપ્ટેમ્બરે જાહેરનામું જારી કરાશે : ૧૯મી ઓક્ટોબરે બન્ને રાજ્યોમાં મતગણતરી : ભાજપ, કોંગ્રેસ તથા અન્ય તમામ પક્ષો તૈયારીમાં વ્યસ્ત બન્યા

નવી દિલ્હી,તા. ૧૨

ચુંટણીપંચે મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચુંટણી માટેના કાર્યક્રમની આજે જાહેરાત કરી દીધી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી પ્રવર્તી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. મુખ્ય ચુંટણી કમિશનર વીએસ સંપથે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજીને બન્ને રાજ્યોમાં ચુંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી. બન્ને રાજ્યોમાં એક જ દિવસે ૧૫મી ઓક્ટોબરના દિવસે મતદાન થશે અને મતગણતરી ૧૯મી ઓક્ટોબરના દિવસે હાથ ધરવામાં આવશે. એ જ દિવસે તમામ પરિણામો મળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાની ૨૮૮ બેઠકો અને હરિયાણામાં વિધાનસભાની ૯૦ બેઠકો માટે મતદાન થશે. ઉમેદવારી પત્ર ભરવા માટેની છેલ્લી તારીખ ૨૯મી સપ્ટેમ્બર રહેશે જયારે ઉમેદવારી પરત ખેંચવાની તારીખ ૧ ઓક્ટોબર રહેશે. મુખ્ય ચુંટણી કમિશનર સંપથે કહ્યું હતું કે, ચુંટણીની તમામ તૈયારીઓ કરવામાં આવી ચુકી છે. મુખ્ય રાજકીય પક્ષો આ રાજ્યોમાં ચુંટણી પ્રચારમાં લાગી ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ભાજપ માટે ચુંટણી પ્રચાર કરવા માટે જનાર છે. અહીં વિધાનસભાની ૯૦ બેઠકો પર ચુંટણી યોજાનાર છે. ચુંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવે તેના થોડાક સમય પહેલા જ ભાજપના ઈન્ડિયન નેસનલ લોકદળ સાથેના સંબંધો તૂટી ગયા હતા. મહારાષ્ટ્રમાં મતદાન માટે ૯૦૪૦૩ મતદાન મથકો ઉભા કરવામાં આવનાર છે. જયારે હરિયાણામાં ૧૬૨૪૪ મતદાન મથકો ઉભા કરાયા છે. ભાજપ પ્રમુખ અમિત શાહ શિવસેના સાથે વાતચીતમાં લાગી ગયા છે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર ઉપર સર્વ સંમતિના પ્રયાસ પણ થઈ રહ્યા છે. ઉપરાંત બેઠકોની વહેંચણીને લઈને પણ વાતચીત ચાલી રહી છે. ભાજપ અને શિવસેના સાથે મળીને ચુંટણી લડનાર છે. ૨૦મી સપ્ટેમ્બરના દિવસે જાહેરનામું જારી કરવામાં આવનાર છે. ચુંટણી તારીખોની જાહેરાત થવાની સાથે જ આચારસંહિતા તાત્કાલિક ધોરણે અમલી બની છે. હરિયાણામાં જે ૯૦ બેઠક છે તે પૈકી ૧૭ બેઠકો રિઝર્વ કેટેગરીની છે. જયારે મહારાષ્ટ્રમાં ૨૮૮ પૈકી ૨૯

● અનુસંધાન પાન-૭ પર

સમજદાર વ્યક્તિ એ જ કહેવાય કે જે બીજાની ભૂલો ભૂલી પોતાની ભૂલો યાદ રાખે

- માનસસૂત્ર

### NEWS બિટ્સ

**● ભારતની ગોલ્ડન ગર્લ્સ એકમેકની હરિફ બનશે**

ગત માસે જ કોમનવેલ્થ ગેઈમ્સમાં સ્કવોશની રમતમાં ભારતને જોડીમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવનાર દીપિક પલ્લીકલ અને જોશના ચિનપ્પા હવે તા. ૧૯મી સપ્ટેમ્બરથી શરુ થઈ રહેલી એશિયન ગેઈમ્સની કવાર્ટર ફાઈનલમાં ટકરાય તેવી શકયતાઓ પેદા થઈ છે. આ સ્પર્ધામાં કરાયેલ ડ્રો વિવાદાસ્પદ બનતાં આ સ્થિતિ સર્જાવા પામી છે.

**● દેશમાં પ્રિમીયમ સાઈકલોની ડિમાન્ડમાં વધારો**

ભારતીયોમાં સાઈકલીંગના શોખમાં ફરી વધારો થઈ રહ્યો છે. જિમમાં કંટાળાજનક વર્કઆઉટના બદલે હવે યુવાઓમાં હવે ફિટનેસ માટે સાઈકલ પ્રચલીત બનતી જાય છે. એક સર્વે મુજબ દેશના ૪૦૦ કરોડના સાઈકલ માર્કેટમાં રૂપિયા એક લાખથી દસ લાખ સુધીની પ્રિમીયમ સાઈકલોની માંગમાં વધારો થવા પામ્યો છે.

**● શાળાઓમાં જામર લગાવી વિદ્યાર્થીને મોબાઈલ વાપરતા અટકાવાશે**

ભારતના મનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા હવે દેશભરની શાળાઓમાં મોબાઈલ જામર લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ દ્વારા મોબાઈલના વધતા જતા ઉપયોગના કારણે ભણતર પર પડી રહેલી અસરના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

**● મોંઘવારી નાથવા ૩ લાખ ટન ડુંગળીની આયાત કરાશે**

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળના ભાવ વધારાની આશંકાએ સરકારે આયાત કરવાનો નિર્ણય લીધો છે. ખરીફ પાક મોડો થતાં ડુંગળીના ભાવ વધે તેવી શકયતા જણાતાં કેન્દ્ર સરકારે પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઈજીપ્તથી ૩ લાખ ટન ડુંગળીની આયાત કરવાનો નિર્ણય કર્યો છે.

જોઈએ છે
ગાંધીનગર, સરગાસણમાં નવા કન્સ્ટ્રકશનના પ્રોજેક્ટમાં
લેડી રીસેપ્સનીષ્ટ કમ માર્કેટીંગ
મળો : કેપીટોલ ફ્લોરા
આસ્કા હોસ્પિટલની સામે, ૨૦૦ ફુટ સરગાસણ-શાહપુરના મેઈન રોડ પર, સરગાસણ, ગાંધીનગર.
સમય : ૧૦ થી ૧

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# શહેરમાં ૪૦૦ જેટલા સ્થળોએથી મચ્છરોના બ્રીડીંગ મળ્યા

## વરસાદે વિરામ લેતાં જ વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ શહેરમાં તંત્રએ એન્ટીલારવેલની કામગીરી સઘન બનાવી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં એક સપ્તાહના વરસાદી માહોલ બાદ આજે મનપાની આરોગ્ય ટીમે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી ૪૦૦ જેટલા સ્થાનોએથી વાહકજન્ય રોગચાળો ફેલાવતા મચ્છરોના બ્રિડીંગ શોધી તેનો નાશ કર્યો હતો.

શહેર આમેય વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે જાહેર કરાયું છે. છેલ્લા એક સપ્તાહથી શહેરમાં જે રીતે વરસાદી માહોલ છવાયો હતો અને જે રીતે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે તે મચ્છરોની ઉત્પતિ માટેનું અત્યંત

● અનુસંધાન પાન-૭ પર



સ્વાગતમ્ - સૂરજ દાદા (તસવીર : કશ્યપ નિમાવત)

# નગરમાં હજુ પણ ઠેક-ઠેકાણે વરસાદી પાણીના ભરાવા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનરમાં પાછલા અઠવાડિયાથી સતત વરસી રહેલા વરસાદે ગઈકાલે બપોરથી વિરામ લીધો હતો. આજે તો વરસાદ પછીનો સરસ ઉઘાડ પણ નીકળ્યો હતો. અને સૂરજદાદાના આજે દર્શન પણ થયા હતા. જો કે વરાપ નીકળવા છતાં હજુ પણ ઠેક ઠેકાણે પાણીના ભરાવા યથાવત હતા જેના કારણે નગરમાં રોગજન્ય જીવાતો જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે.

આજે વરસાદના વિરામના કારણે જનજીવનમાં ચહલપહલનો વધારો જોવા મળ્યો હતો. તડકો નીકળવાને કારણે ગૃહિણીઓના ચહેરા પર પણ હરખના ભાવ દેખાયા હતા અને નગરજનોના ઘરોમાં લટકતા ભીના કપડાની હારમાળામાં ઘટાડો થયો હતો. ફળો શાકભાજી અને અન્ય નાના લારી-ગલ્લા વાળા શ્રમજીવીઓમાં આજે ધંધો રોજગાર ફરી ચાલુ થવાની ખુશી ફેલાઈ હતી. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટ્યું હતુ. આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૬ ટકા હતુ જે આંજે ઘટીને ૮૨ ટકા થયું હતું. દિવસ દરમિયાન ગરમીના પ્રમાણમાં પણ સામાન્ય વધારો જોવાયો હતો. આજે મહત્તમ ગરમી ૩૦.૫ ડિગ્રી સે.

● અનુસંધાન પાન-૭ પર

# સૈન્યના જવાનોની બચાવ કામગીરીને સો સો સલામ : બેંકર પરિવાર

## ગાડી હોટલ પર આવવામાં ૧૫ મિનિટથી પણ વધુ મોડી પડતાં અમે જળસંકટમાં સપડાયા

ગાંધીનગર, તા.૧૨

કાશ્મીરના જળ સંકટમાં કહ્યું કે, ત્યાં અવ્યવસ્થા તથા અરાજકતા વધુ હતી. જેને જુઓ તે હોટલમાં હતા ત્યાં વેઈટરોએ અમારી બહુ કાળજી લીધી બિચારા પાણીમાં અમને આપી હતી.



આ પરિવારે કહ્યું કે ત્રણ દિવસ સુધી તો અમે ભોજન વિના પસાર કર્યા હતા અને હોટલના બીજા માળે પાણી આવી જતાં અમને સલામત ખસેડવા માટે હોટલના વેઈટરોએ બોટ ચલાવી અમને રોડ સુધી મુકી ગયા હતા.

અમે રાજભવનના હેલિપેડ સુધી ચાલીને સામાન સાથે પહોંચ્યા ત્યારે ત્યાં તો માનવ કિડિયારાની જેમ ઉભરાતું હતું. સૈન્યના જવાનો બધાને ધીરે ધીરે રવાના કરતા હતા. દિવસે તો સ્થાનિક પોલીસ અને સ્થાનિક રહીશો વચ્ચે સલામત સ્થળે પહોંચવાના મામલે હેલિપેડ પર સંઘર્ષ થયો હતો. આ પછી સેનાના જવાનોએ કામગીરી સંભાળી હતી.

સેનાના જવાનોની કામગીરીને સલામ કરવી જ પડે... પૃથ્વીના સ્વર્ગ પરની આ આફતમાં સેનાના જવાનો દિવસ રાત ટાઢ તડકો વરસાદની પરવા કર્યા વિના ખડે પગે માનવતાની જયોત ને જલતી રાખી જે કામગીરી કરી રહ્યા છે તેનું વર્ણન શબ્દોમાં કરવા જઈએ તે શકય નથી. આ સભ્યો સે-૭-ડીના પરિમલ એપાર્ટમેન્ટમાં રહેતા શ્રી પ્રકાશભાઈ ભાવસારના છે.

તેઓ શ્રીનગરમાં આવેલા વિનાશક જળસંકટમાં ફસાયા હતા. આજે વહેલી સવારે તેઓ હવાઈ માર્ગે અમદાવાદ અને ત્યાંથી ગાંધીનગર આવી પહોંચ્યા ત્યારે કહ્યા હતા.

બેંકર પરિવારના આ શ્રેષ્ઠીએ કહ્યું કે અમે આ જળસંકટમાં ફસાયા એ એક અકસ્માત હતો. સવારે અમને લેવા આવનારી ગાડી ૧૫ મિનિટથી પણ વધુ મોડી હોટલ પર આવી હતી અને ગણતરીની મિનિટોમાં જ શ્રીનગર જળબંબાકાર થઈ ગયું હતું. જયાં જુઓ ત્યાં બે થી સાત ફુટ પાણી ભરાઈ ગયા હતા. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાને કારણે અમે ત્રણ દિવસમાં ત્રણ સલામત સ્થળો બદલ્યા હતા.

શ્રી પ્રકાશભાઈ અને વર્ષાબેને બધા જ દુઃખી હતા. જો કે અમે જે જઈને પણ મીણબત્તીઓ લાવી

● અનુસંધાન પાન-૭ પર

# અમે તો નહિ પણ અમારી સાત પેઢી પણ કાશ્મીરના પ્રવાસે હવે નહિ જાય : ગુપ્તા પરિવાર

## હોટલ માલિકોએ પ્રવાસીઓની મજબુરીનો લાભ ઉઠાવ્યો છે : બે દિવસ તાપણુ કરી અમે પરત ફરવા માટે લાઈનમાં ઉભા રહ્યા હતા

ગાંધીનગર, તા. ૧૨

અમે તો નહિ પણ હવે અમારી સાત પેઢી પણ કાશ્મીરમાં પ્રવાસ માટે નહિ જ જાય આ શબ્દો જમ્મુ-કાશ્મીરના જળસંકટમાંથી સલામત રીતે ગાંધીનગરમાં પરત ફરેલા ગુપ્તા પરિવારના છે.

ગુપ્તા પરિવારના મોભી રાજેશ ગુપ્તા જે સેક્ટર-૨ માં રહે છે. અમદાવાદ એ.જી. ઓફિસમાં સિનીયર એકાઉન્ટસ્ ઓફિસર તરીકે ફરજો બજાવે છે. આજે સવારે ગાંધીનગર પરત આવી પહોંચ્યા બાદ તેમણે કહ્યુ હતુ કે પૂર એ કુદરતી હોનારત છે પણ ત્યાં પ્રવાસીઓ સાથે હોટલના માલિકોએ ખૂબ જ ગેરવર્તાવ કર્યો હતો. તેમણે કહ્યું કે પ્રવાસીઓની મજબુરીનો લાભ પણ હોટલ સંચાલકોએ લીધો હતો.



તેઓ જે હોટલમાં હતા ત્યાં તેમની પાસેથી કોઈપણ સુવિધા વિના માત્ર રૂમ પણ એક દિવસના રૂ. ૫ હજારના ભાડે આપ્યો હતો. સારૂ થયુ બીજા દિવસે અમે નીકળ્યા પણ ત્યારે એ.ટી.એમ. કાર્ડને બધુ બંધ થઈ ગયુ હતુ ત્યારે હોટલ મેનેજરે કહ્યુ કે પેમેન્ટ કર્યા સિવાય તમે જઈ નહિ શકો... અમે માલિકને મળી વિનંતી કરી પણ કોઈ વાત સાંભળવા તૈયાર ન હતુ. અમે બધા પૈસા ભેગા કરી અને માંડ માંડ બિલ ચુકતે કરી નિકળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર




